ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/7092

રાજ્ય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલયની સામે,
સેક્ટર – ૨૧, ગાંધીનગર
તા:૦૯/૦૮/૨૦૨૩

પરિપત્ર:

વિષય: "ખેલ અભિરૂચિ કસોટી (SAT)" – ૨૦૨૩ માં વધારાની લાયકાત ઉમેરવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક (પાર્ટ), તા:૧૦/૦૭/૨૦૨૩

(૨) અત્રેની કચેરી દ્વારા તા:૧૩/૦૭/૨૦૨૩ પ્રસિદ્ધ કરેલ જાહેરનામુ

શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક (પાર્ટ), તા:૧૦/૦૭/૨૦૨૩ નાં અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૯૯૭૯-૧૦૦૮૬, તા:૧૩/૦૭/૨૦૨૩ થી "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" નું વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" માં ઉમેદવારની શૈક્ષણિક લાયકાતમાં કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતક અને બે વર્ષનુ માસ્ટર ઓફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ - M.Y.A. Sc. (ગુજરાત વિદ્યાપીઠની શૈક્ષણિક લાયકાત) ને સામેલ કરવામાં આવે છે. શૈક્ષણિક લાયકાતમાં સુધારાને ધ્યાને લઈ "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" નાં **રજીસ્ટ્રેશન ફોર્મ** ઓનલાઈન અને નેટ બેંકિંગ મારફત ફી તારીખ:૧૦/૦૮/૨૦૨૩ સુધી **www.sebexam.org** પર ભરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતિ.

રાજ્ય પરીક્ષા બોર્ડનાં તા.૧૩/૦૭/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૯૯૭૯-૧૦૦૮૬ ની અન્ય જોગવાઈ યથાવત રહેશે.

આ પરીક્ષા સબંધિત અન્ય વિગતો જેવી કે પાત્રતા, પરીક્ષાનો અભ્યાસક્રમ, માળખું વગેરે **www.sebexam.org** વેબસાઇટ પર જોઈ શકાશે. તેમજ પરીક્ષા સંબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે આ વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તા: ૦૯/૦૮/૨૦૨૩